આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં દાતાશ્રીઓના ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલના દાનની રકમના ધોરણમાં વધારો નકકી કરવા બાબત.

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધા : તા.૨૯–૧૦–૨૦૨૧ ના રોજ વી.સી.કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૫મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર : ૫૫.૧૭

## :: જાહેરનામું ::

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા.૨૯–૧૦–૨૦૨૧ ના રોજ વી.સી. કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૫મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર : ૫૫.૧૭ થી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાપરિષદની ૫૬મી બેઠકના મુદ્દા નં.૫૬.૧૬ થી થયેલ ભલામણ મુજબ હવે પછી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં 'ગોલ્ડ મેડલ' (અંદાજિત ૧૦ ગ્રામ સુધી વજનનો અને અંદાજિત ૧૨ કેરેટ સુધી) માટે દાતાશ્રી તરફથી રૂા.૩,૫૦,૦૦૦/– ને બદલે રૂા.૫,૦૦,૦૦૦/– અને 'ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ' (ચાંદી પર સોનાનો ઢોળ ચઢાવેલ) માટે રૂા.૧,૦૦,૦૦૦/– ને બદલે રૂા.૨,૦૦,૦૦૦/– લઘુત્તમ દાન રાખવું. ઉતરો–ઉતર સોના/ચાંદી અને મજુરીના ભાવ વધતા હોવાથી આ દાનના વ્યાજમાંથી પાંચ વર્ષ સુધી 'ગોલ્ડ મેડલ' અને 'ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ' એનાયત કરવામાં આવશે. વધુમાં પાંચ વર્ષ પછી સોના/ચાંદી અને મજુરીના ભાવમાં વખતોવખતના ફેરફારને ધ્યાને લઈ દાતાશ્રીએ 'ગોલ્ડ મેડલ' અને 'ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ' માટે વધારાની દાનની ખૂટતી જે રકમ યુનિવર્સિટી નકકી કરે તે આપવા વિનંતી કરવામાં આવશે. અન્યથા દાનની રકમ દાતાશ્રીને પરત ન કરતાં 'ગોલ્ડ મેડલ' ને 'ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ' માં તબદીલ કરવા માન.કુલપતિશ્રીને સત્તા આપવાની વિદ્યાપરિષદની ભલામણ ગ્રાહય રાખી નિયામક મંડળ મંજુર કરે છે."

જા.નં.આકૃયુ/વિક/મેડલ દાનની રકમ /૧૧૯૨–૧૨૧૭ /૨૦૨૧
તા.૨૪/૧૧/૨૦૨૧

(ડી.એચ.પટેલ)
નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

**નકલ સવિનય રવાના :**

૧. નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. તમામ આચાર્ય/ડીનશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ રવાના :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૩. એકેડેમીક / બોર્ડ/પરીક્ષા શાખા તરફ (૨૦ નકલો)
૪. સિલેકટ ફાઈલ / જાહેરનામા ફાઈલ